# જાહેર સુચના

તમામ ફોરન મેડીકલ ગ્રેજ્યુએટ (FMG) CRMI ઉમેદવારોને જણાવવાનું કે, આપને નેશનલ મેડીકલ કમીશન, ન્યુ દિલ્હી (NMC)ના નિયમ મુજબ CRMI/INTERNSHIP માટે એલોટમેન્ટ લેટર ઇસ્યુ કરવામાં આવેલ છે. જે મુજબ તા.૨૨/૦૫/૨૦૨૪ સુધીમાં તમને એલોટ કરાયેલ સંસ્થા/સેન્ટર ખાતે રીપોર્ટીંગ અને તા.૨૭/૦૫/૨૦૨૪ થી CRMI/INTERNSHIP ચાલુ થાય છે, તો આ SCHEDULE મુજબ તમે CRMI/INTERNSHIP JOIN કરી અને ચાલુ કરશો.

કેટલાક FMG વિદ્યાર્થીઓની CRMI/INTERNSHIP માટેના સમયગાળા અંગે ૩વર્ષ કે ૨વર્ષના બદલે ઘટાડો કરવા માટેની રજૂઆત આવેલ છે. આ સંદર્ભે અમે NMC પાસે સ્પષ્ટ માર્ગદર્શન માંગેલ છે.

તેમ છતાં જે કોઈ વિદ્યાર્થીને પોતાની CRMI/INTERNSHIP ઘટાડવા માટે રજૂઆત/અરજી કરવી હોય તો, NMCના ઈ-મેઈલ આઈ-ડી: ugmeb@nmc.org.in અને ug@nmc.org.in ઉપર કરવી જેના બીડાણમાં તમામ ડોકયુમેન્ટસ સાથે પાસપોર્ટના તમામ પાનાંની નકલ પણ મોકલી આપવી અને તેની કોપી ગુજરાત મેડીકલ કાઉન્સીલ, અમદાવાદને ઈ-મેઈલ આઈ.ડી.: fmgverification@gmcgujarat.org ઉપર પણ મોકલવી. જેથી અમે પણ વિદ્યાર્થીની રજુઆતનો પોઝીટીવ રીતે વિદ્યાર્થીઓના હિતમાં સહાનુભૂતિપૂર્વક ઉકેલ આવે તે રીતે NMCને મોકલીશું.

આથી, NMCનું માર્ગદર્શન મળેથી જો કોઈ વિદ્યાર્થીની CRMI/INTERNSHIPનો સમયગાળો ઘટાડવાનો થતો હશે તો અમે તે મુજબનો ઘટાડો કરી નવો ઓર્ડર ઇસ્યુ કરીશું.

આથી, તમામ FMG વિદ્યાર્થીઓને જણાવવાનું કે, હાલ તમે તમને એલોટ કરવામાં આવેલ સંસ્થા/સેન્ટર ખાતે નિયત SCHEDULE મુજબ CRMI/INTERNSHIP JOIN કરી ચાલુ કરી દેશો. આ દરમ્યાન NMC તરફથી જે પણ GUIDELINE/INSTRUCTION/RELAXATION આવશે તેનો અમલ GMC ચોક્કસ કરશે અને જે-તે વિદ્યાર્થીને તેનો લાભ મળશે.

GUJARAT MEDICAL COUNCIL

તારીખ: ૨૧/૦૫/૨૦૨૪

સ્થળ: અમદાવાદ

ગુજરાત મેડીકલ કાઉન્સીલની કચેરી